Friday
05.06.2026
✱Volume :10 ✱ Issue No.329
✱Email.: kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

✱Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી ૫ જૂને સુરત અને દમણની મુલાકાત લેશે

## પ્રધાનમંત્રી સુરતમાં આશરે ૧૮,૮૦૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે

**પ્રધાનમંત્રી NH-56 પરના મહત્વપૂર્ણ સેક્શન્સને ફોર-લેન કરવા માટે શિલાન્યાસ કરશે; આ પ્રોજેક્ટ આદિવાસી વિસ્તારોમાં કનેક્ટિવિટી વધારશે અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચવાનું સરળ બનાવશે**

**પ્રધાનમંત્રી ૮-લેન એક્સેસ-કંટ્રોલ્ડ વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના મહત્વના પેકેજ રાષ્ટ્રને સમર્પિત કરશે**



- **પ્રધાનમંત્રી દમણમાં નમો (NAMO) એરપોર્ટના ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે**
- **પ્રધાનમંત્રી કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ માટે ૮૮૫ કરોડના બંદર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે**

## પ્રધાનમંત્રી દમણમાં આશરે ૨,૯૭૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૫ જૂન, ૨૦૨૬ના રોજ ગુજરાત અને દમણની મુલાકાત લેશે. બપોરે આશરે ૨:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી સુરત જિલ્લાના હજીરાની મુલાકાત લેશેઅનેત્યાં ચાલી રહેલી ઔદ્યોગિક કામગીરી તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરશે. બપોરે આશરે ૪:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી સુરતમાંઆશરે ૧૮,૮૦૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનુંઉદ્ઘાટન, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ આ પ્રસંગે જનમેદનીને પણ સંબોધિત કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી દમણ જશે, જ્યાં સાંજે આશરે ૬:૧૫ વાગ્યે તેઓ દમણમાં નમો (NAMO) એરપોર્ટના ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. આ પછી દમણમાં નમો (NAMO) હોસ્પિટલ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. ત્યારબાદ, સાંજે આશરે ૭:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી દમણમાં આશરે ૨,૯૭૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, સમર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ માટે આશરે ૮૮૫ કરોડના ચાર મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. તેઓ આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને પણ સંબોધિત કરશે.

**પ્રધાનમંત્રી સુરતમાં**

પ્રધાનમંત્રી સુરતમાં માર્ગ, ઊર્જા અને ઔદ્યોગિક ક્ષેત્ર ૧૮,૮૦૦ કરોડથી વધુના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના પેકેજ VI અને VII રાષ્ટ્રને સમર્પિત કરશે, જેનાથી ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે હાઈ-સ્પીડ ટ્રાન્સપોર્ટેશન, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને આર્થિક કનેક્ટિવિટી વધશે.

પ્રધાનમંત્રી મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે, જેમાંઆદિવાસી વિસ્તારોમાં કનેક્ટિવિટી વધારવા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચ ઝડપી બનાવવા માટે NH-56 પરના મહત્વપૂર્ણ સેક્શન્સનેફોર-લેન (ચાર માર્ગીય) કરવાની કામગીરી સામેલ છે. પ્રધાનમંત્રી સુરતમાં ૨૦૦ બેડની ESIC હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કરશે, જે સેન્ટ્રલ લેબોરેટરી અને આવશ્યક આનુષંગિક સેવાઓ દ્વારા સમર્થિત મુખ્ય વિશેષતાઓ સાથે આધુનિક ગૌણ આરોગ્યસંભાળ પ્રદાન કરશે. તેમાં વ્યાવસાયિક ઈજાઓ અને તબીબી કટોકટીના સમયસર સંચાલનને સુનિશ્ચિત કરવા માટે ૨૪/૭ ઈમરજન્સી અને ટ્રોમા કેરની સુવિધા પણ છે. પ્રધાનમંત્રી આંતર-રાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ હેઠળ પાવર ઈવેક્યુએશન (વીજ નિકાસ) ક્ષમતા વધારવા માટે ગુજરાતમાં ટ્રાન્સમિશન નેટવર્ક એક્સપેન્શન (વીજ વિતરણ નેટવર્ક વિસ્તરણ) સહિતના કટોકટીના ઉપયોગિતા અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી ગુજરાત સરકારની કેટલીક મહત્વપૂર્ણ પહેલોનું પણ ઉદ્ઘાટન કરશે, જેમાં વલસાડમાં રિવેમ્પ્ડ રિફોર્મ્સ-બેઝ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ આધુનિક પાવર ડિસ્ટ્રિબ્યુશન અપગ્રેડ, દહેજ પેટ્રોલિયમ, કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજન (PCPIR) અને સરીગામ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) ખાતે અદ્યતન ઈફ્લુઅન્ટ ડિસ્પોઝલ અને ટ્રીટમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (સામાન્ય પ્રદૂષિત પાણીના નિકાલ અને શુદ્ધિકરણ માળખું) અને જંબુસર બલ્ક ડ્રગ પાર્ક ખાતે આવશ્યક લેઆઉટ યુટિલિટીઝનો સમાવેશ થાય છે.

**પ્રધાનમંત્રી દમણમાં**

પ્રધાનમંત્રી દમણમાં આશરે ૨,૯૭૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનુંઉદ્ઘાટન, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સ હેલ્થકેર, સિવિલ એવિએશન (નાગરિક ઉડ્ડયન), પ્રવાસન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને જનકલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ફેલાયેલા છે અને તેનાથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના એકંદર વિકાસને મોટો વેગ મળવાની અપેક્ષા છે. પ્રધાનમંત્રી દમણમાં નમો એરપોર્ટના ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગ અને નમો હોસ્પિટલ સહિત આશરે ૧,૩૪૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને સમર્પણ કરશે. નવું એરપોર્ટ ટર્મિનલ પ્રાદેશિક હવાઈ કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો કરશે અને પ્રદેશમાં આર્થિક વૃદ્ધિને સરળ બનાવશે. દમણ જિલ્લાની જિલ્લા હોસ્પિટલ એવી નમો હોસ્પિટલને દરરોજ આશરે ૧,૫૦૦ ઓપીડી (OPD) દર્દીઓની સારવાર માટે વિકસાવવામાંઆવી છે અને તે લોકો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની પહોંચને મજબૂત બનાવશે. પ્રધાનમંત્રી આશરે ?૧,૬૩૦ કરોડના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. આ મુખ્ય પ્રોજેક્ટ્સમાં આઈકોનિક બ્રિજ, દમણ કન્વેન્શન સેન્ટર અને દમણ ખાતે નિફ્ટ (NIFT) કેમ્પસ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરશે, પ્રવાસનને વેગ આપશે, રોકાણને પ્રોત્સાહન આપશે, રોજગારીની તકો ઊભી કરશે અને લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરશે તેવી અપેક્ષા છે.

પ્રધાનમંત્રી કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ માટે આશરે ૮૮૫ કરોડના મહત્વના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. આ પ્રોજેક્ટ્સમાં કલ્પેની ટાપુ અને કદમત ટાપુ બંનેની પૂર્વ અને પશ્ચિમ બાજુએ પોર્ટ (બંદર) સુવિધાઓનો વિકાસ સામેલ છે. આ બહુહેતુક જેટીઓનો વિકાસ ૩૦૦ મીટર સુધીની લંબાઈ ધરાવતા ક્રૂઝ જહાજો સહિત મોટા પેસેન્જર જહાજોને આખું વર્ષ લાંગરવાની સુવિધા પૂરી પાડશે. આ પ્રોજેક્ટ્સ મુસાફરો અને કાર્ગોનું સલામત અને કાર્યક્ષમ સંચાલન સક્ષમ બનાવશે, અને માછલીના સંચાલન, બળતણ વિતરણ, બરફ પુરવઠો અને બોટ સમારકામ માટે સંકલિત સુવિધાઓ પૂરી પાડશે. આ પહેલો દરિયાઈ કનેક્ટિવિટી મજબૂત કરશે, સ્થાનિક માછીમારોની આજીવિકાને ટેકો આપશે, પ્રવાસનને પ્રોત્સાહન આપશે અને ટાપુઓના સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન આપશે.



કમલમ્,

**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, ભાજપાના સંસદસભ્યો, ધારાસભ્યો તથા આગેવાનો માંજલપુરના ધારાસભ્ય અને ભાજપાના વરિષ્ઠ નેતા શ્રી યોગેશભાઈ પટેલની અંતિયાત્રામાં સામેલ થયા હતા. શ્રી વિશ્વકર્માએ સ્વ. યોગેશભાઈ પટેલના નશ્વર દેહને પુષ્પાંજલિ દ્વારા શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં અને શોકાતુર પરિવારજનોને મળી સાંત્વના પાઠવી હતી. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું છે કે, સ્વ. યોગેશભાઈ પટેલના નિધનથી ભારતીય જનતા પાર્ટીએ એક સાચા લોકનેતા અને કાર્યકર્તાઓએ પોતાના માર્ગદર્શક ગુમાવ્યા છે.**

## લાઓ પીડીઆર (Lao PDR) ના ઉપ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રીએ ભારતના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી



કમલમ્,

લાઓ પીડીઆર (Lao PDR) ના ઉપ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી મહામહિમ શ્રી થોંગસાવન ફોમવિહાને (H.E. Mr. Thongsavan Phomvihane) (૩ જૂન, ૨૦૨૬) રાષ્ટ્રપતિ ભવનખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. શ્રી ફોમવિહાનની ભારતની આ પ્રથમ મુલાકાત પર તેમનું સ્વાગત કરતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ભારત અને લાઓ પીડીઆર ગાઢ સભ્યતાગત સંબંધો ધરાવે છે, જે બૌદ્ધ ધર્મ અને રામાયણના આપણા સમાન વારસામાં પ્રતિબિંબિત થાય છે. આ વર્ષે, આપણે બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની ૭૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છીએ, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ASEAN સંબંધિત શિખર સંમેલનોમાં ભાગ લેવા માટે લાઓ પીડીઆરની મુલાકાત લીધી હતી. તે મુલાકાત દરમિયાન ઘણા કરારો સંપન્ન થયા હતા, જેનાથી આપણા સહયોગને નવો વેગ મળ્યો છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારત અને લાઓ પીડીઆર વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વધ્યો છે, પરંતુ આપણા માટે વેપાર અને રોકાણ બંને ક્ષેત્રોમાં સાથે મળીને વધુ પ્રગતિ કરવાની નોંધપાત્ર તકો હજુ પણ રહેલી છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું હતું કે ભારત માહિતી અને સંચાર ટેક્નોલોજી (ICT), આરોગ્ય, તબીબી ક્ષેત્ર, કૃષિ, સિંચાઈ, ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ), રિન્યુએબલ એનર્જી અને વીજળી જેવા ક્ષેત્રોમાં લાઓ પીડીઆર સાથે સહયોગ વિસ્તારવા માટે ખુશ થશે. અમે ઈનોવેશન (નવપ્રવર્તન) અને જ્ઞાન-આધારિત અર્થતંત્રના ક્ષેત્રોમાં પણ અમારા અનુભવો શેર કરવા આતુર છીએ. રાષ્ટ્રપતિએ એ નોંધીને આનંદ વ્યક્ત કર્યો હતો કે બંને દેશો વચ્ચેની વિકાસ ભાગીદારી વધુ મજબૂત બની છે અને તે લાઓના યુવાનોની આકાંક્ષાઓ તેમજ દેશની સામાજિક-આર્થિક વિકાસની જરૂરિયાતોને અનુરૂપ છે. બંને નેતાઓ એ બાબત પર સંમત થયા હતા કે આપણા બંને દેશો વચ્ચેનો ગાઢ સહયોગ આપણા લોકો માટે અપાર લાભ લાવી શકે છે.

## પ્રાકૃતિક ખેતી આજના યુગમાં કામ એક – લાભ અનેક જેવી ફાયદાકારક છે: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

**પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને ફાયદા ખેડૂતોને સાયન્ટીફિકલી સમજાવીને વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના મિશનમાં જિલ્લા-મહાનગરોના વહિવટી વડાઓ સહયોગી બને: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પર ભાર મુક્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ કે રાજ્યમાં જે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે તેમના ઉત્પાદનોના વેચાણ માટે એક મહિનાની અંદર મ્યુનિસિપલ કોર્પોરેશન સ્તરે ૫, જિલ્લા સ્તરે ૩ અને તાલુકા સ્તરે ૧ નવા કાયમી પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો શરૂ થવા જોઈએ. આજે રસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગથી આપણી જમીન, પાણી અને ખોરાક ઝેરીલા બની રહ્યા છે. આપણે ધરતી માતાને ફરીથી જીવંત કરવી પડશે.

પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ તે ધરતી માતાને બચાવવાનું અને આવનારી પેઢીને કેન્સર જેવી ગંભીર બીમારીઓથી મુક્ત રાખવાનુંએક અભિયાન છે. રાજ્યપાલશ્રીએ વીજળી અને ઈંધણની બચત અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે ગુજરાત લોકભવનના પ્રયાસોથી સમગ્ર રાજ્યમાં સ્ટ્રીટ લાઈટ શરૂ અને બંધ કરવાના સમયમાં ફેરફાર થતા અંદાજે રૂપિયા ૨૫ કરોડથી વધુની વીજળીની બચત કરવામાં આવી છે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે સૂર્યોદયના ૩૫ મિનિટ પહેલા સ્ટ્રીટ લાઈટ બંધ કરવી અને સૂર્યાસ્તના ૩૫ મિનિટ પછી ચાલુ કરવી જોઈએ. રાજ્યપાલશ્રીએ કહ્યું કે દેશના કિંમતી સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો એ દરેક નાગરિક અને સરકારી તંત્રની નૈતિક જવાબદારી છે.

રાજ્યપાલશ્રીએ તમામ ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા કે તેઓ પોતાના કાર્યક્ષેત્રમાં ઉર્જા સંરક્ષણ અને ઈંધણની બચત અંગે જનજાગૃતિ લાવે અને પોતે પણ આ બાબતે આદર્શ ઉદાહરણ પૂરું પાડે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વિડિયો કોન્ફરન્સમાં જોડાયેલા જિલ્લા અને મહાનગરોના વહિવટી વડાઓને પ્રાકૃતિક ખેતી તરફ ૧૦૦ ટકા ખેડૂતોને વાળવા માટે આ અભિયાનને મિશન મોડમાં ઉપાડવા સહયોગ આપવાનો અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યુ કે, ધરતીપુત્રોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને ફાયદા સાયન્ટીફિકલી સમજાવીને આપણે આ મિશન પાર પાડી શકીશું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમય કરતા આગળનુંવિચારીને પ્રાકૃતિક ખેતીને માનવ જીવનના સ્વાસ્થ્ય માટે મોટા પાયે અપનાવવાનુંઆહવાન કર્યુ છે. એટલુ જ નહિ, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પણ ગામે-ગામ જઈને ખેડૂતો સાથે પ્રત્યક સંવાદ અને તેમના ખેતરોની મૂલાકાત લઈને પ્રાકૃતિક ખેતીના જન આંદોલનમાં વધુને વધુ ખેડૂતો જોડી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનરોને ક્હ્યુ કે, જો આ પ્રાકૃતિક ખેતીને સ્વાંતઃ સુખાય અન્વયે વ્યક્તિગત પ્રોજેક્ટ તરીકે તેઓ અપનાવશે તો મોટા સમુહને પ્રાકૃતિક ખેતી તરફ વાળીને પ્રજા સેવક તરીકેનો તેમનો જન સેવાનો હેતુ અવશ્ય પાર પડશે. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ સંવાદ બેઠકના આયોજનના પ્રેરણાસ્રોત રાજ્યપાલશ્રીનો આભાર વ્યક્ત કરતા જણાવ્યુંકે, પ્રાકૃતિક ખેતી એ હવેના સમયની માંગ છે ત્યારે જિલ્લાના વહિવટી વડાઓને પ્રાકૃતિક ખેતીના બ્રાન્ડ એમ્બેસેડર એવા રાજ્યપાલશ્રીનું અમૂલ્ય માર્ગદર્શન આ વિડિયો કોન્ફરન્સ સંવાદથી મળશે. તેમણે પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટેના વેચાણ કેન્દ્રોની શરૂઆત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત મળી રહેલા સહયોગની પણ પ્રસંશા કરતા કહ્યુ કે, ખાતરના વધુ પડતા ઉપયોગથી જમીન અને માનવી બેયના સ્વાસ્થ્યને જે હાનિ થાય છે તેનો તારણોપાય પ્રાકૃતિક ખેતી જ છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જિલ્લાના આ વરિષ્ઠ અધિકારીઓને તેમના નિવાસ સ્થાનની ખુલી જગ્યામાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરવાની પણ અપિલ કરી હતી. આ વિડિયો કોન્ફરન્સમાં કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશ કટારા, મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે તેમજ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના તથા કૃષિ નિયામક કચેરીના વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.



**રાજ્યપાલશ્રીએ રાજ્યના જિલ્લા કલેક્ટરો-જિલ્લા વિકાસ અધિકારીઓ-મ્યુનિસિપલ કમિશનરો સાથે વિડિયો કોન્ફરન્સ યોજીને પ્રાકૃતિક ખેતીનું વ્યાપ વધારવા માર્ગદર્શન આપ્યું**

## રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગથી જમીન, પાણી અને ખોરાક ઝેરીલા બની રહ્યા છે - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



# પ્રગતિનું પર્વ, પ્રકૃતિનો ગર્વ



## આત્મનિર્ભર ભારતના પ્રણેતા

### માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્ર મોદીના

### વરદ હસ્તે

## ₹ ૧૮,૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## તેમજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી, ભારત

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### કાર્યક્રમની વિશેષતાઓ

- પ્લાસ્ટિક કે થર્મોકોલના ઉપયોગ વિના ૧૦૦% સસ્ટેનેબલ ડેકોરેશન
- સુરતના ફાઇન આર્ટસના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રીસાઇકલ કાપડમાંથી તૈયાર થયેલું સ્ટેજ બેકડ્રોપ
- પર્યાવરણનો સંદેશ આપતી ૫૦૦૦ થી વધુ નાગરિકોની કૃતિઓનો સમાવેશ તેમજ હેન્ડ-પેઇન્ટેડ હોર્ડિંગ્સ તેમજ પેનલ્સ
- આદિવાસી કલાકારો દ્વારા તૈયાર થયેલ પરંપરાગત વાંસ આધારિત વિવિધ ઇન્સ્ટોલેશન
- વેસ્ટમાંથી બેસ્ટ અભિગમ સાથે રીસાઇકલ સામગ્રીથી તૈયાર થયેલી શિલ્પકૃતિઓનો સમાવેશ.
- ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી ઇકો - ફ્રેન્ડલી રંગોળી

- ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણના ૬ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત કર્મચારી રાજ્ય વીમા નિગમના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- માર્ગ અને મકાન વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જિલ્લા પંચાયત ડાંગ-આહવાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ



તારીખ: ૦૫ જૂન, ૨૦૨૬ | સમય: સાંજે ૪:૧૫ વાગે | સ્થળ: પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ, સૂરત

"આદરણીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ₹૧૮,૦૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ એ ગુજરાતમાં 'પ્રગતિ અને પ્રકૃતિ'ના ઉત્તમ સમન્વય થકી 'વિકસિત ભારત'ના નિર્માણની મજબૂત ગેરંટી છે."

**- શ્રી હર્ષ સંઘવી**, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: ડીડી ન્યૂઝ | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat

# ચોમાસા પૂર્વે ગુજરાત એલર્ટ: 'ઝીરો કેઝ્યુઆલિટી'ના લક્ષ્ય સાથે વહીવટીતંત્ર સજ્જ: મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ

## મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે પ્રિ-મોનસૂનની ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

### રાજ્યમાં બચાવ કામગીરી માટે NDRF ની ૧૪ અને SDRF ની ૨૨ ટીમો તૈયાર

કમલમ્,
મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે આગામી ચોમાસાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓ તથા વિભાગોની પ્રિ-મોનસૂનની ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ઉચ્ચ સનદી અધિકારીઓ, પોલીસ મહાનિર્દેશક, મુખ્ય વન સંરક્ષક સહિત વિવિધ વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાં વહીવટી-તંત્ર ચોમાસા પૂર્વે 'ઝીરો કેઝ્યુઆલિટી'ના લક્ષ્ય સાથે સજ્જ છે, તેમ મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે જણાવ્યું હતું. મુખ્ય સચિવશ્રીએ રાજ્યમાં ચોમાસાના આગમનની સંભાવનાને ધ્યાને રાખીને તમામ વિભાગોને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનના અસરકારક અમલીકરણ માટે તાકીદ કરી હતી. તેમણે ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં રાજ્યના નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે જરૂરી ચીજ-વસ્તુઓ, દવાઓ અને પુરવઠાનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવાની સૂચના આપી હતી. મુખ્ય સચિવશ્રીએ ચોમાસાના આગમન પૂર્વે રાજ્ય, જિલ્લા તેમજ તાલુકા કક્ષાના કંટ્રોલરૂમ તાત્કાલિક અસરથી શરૂ કરવાની સૂચના પણ આપી હતી. મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૂચના અનુસાર ચોમાસા દરમિયાન રાજ્યમાં કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ રહે. રાજ્યના નાગરિકોને હાલાકી ન પડે તે સંદર્ભે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બાકી રહેતા રોડ-રસ્તા અને ગટરના કામો ઝડપથી પૂર્ણ કરવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે રાજ્યમાં ભારે વાહનોની વધુ અવરજવર હોય તેવા રસ્તા અને બ્રિજનું અત્યારથી જ જરૂરી સમારકામ પૂર્ણ કરવા માર્ગ અને મકાન વિભાગને સૂચનાઓ આપી હતી.

વધુમાં તેમણે ઉમેર્યું કે, પ્રથમ વરસાદ અને વાવાઝોડા દરમિયાન ઝાડ પડવાની ઘટનાઓ રોકવા માટે વન વિભાગે સ્થાનિક તંત્ર સાથે મળીને અત્યારથી જ વૃક્ષોનું ટ્રિમિંગ કરી લેવું, જેથી ટ્રાફિક જામ અને જાનહાનિ ટાળી શકાય. સરદાર સરોવર અને ઉકાઈ સહિતના મોટા ડેમોમાં પાણીની આવક અને સ્થિતિ પર પર નજર રાખવા મુખ્ય સચિવશ્રીએ સૂચના આપી હતી. આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન ભારે વરસાદ દરમિયાન બચાવ કામગીરી માટે રાજ્યમાં NDRF ની ૧૪ અને SDRFની ૨૨ ટીમો તહેનાત કરવામાં આવશે. આ તમામ ટીમો પૂરતી બોટ, લાઈફ જેકેટ તથા અદ્યતન કમ્યુનિકેશન સિસ્ટમ જેવા આધુનિક સાધનોથી સજ્જ હશે. સ્ટેટ મોન્સુન ડિઝાસ્ટર પ્લાન મુજબ દરેક વિભાગના સંબંધિત અધિકારીઓએ જિલ્લા સાથે સંકલનમાં રહીને કામગીરી કરવાની રહેશે, તેમ શ્રી રવિએ ઉમેર્યું હતું. આ બેઠકમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ના સંકલન સાથે રાજ્યના મહત્વના વિભાગો જેવા કે હવામાન, કેન્દ્રીય સુરક્ષા દળો, શહેરી વિકાસ, આરોગ્ય, માર્ગ અને મકાન, પુરવઠા વગેરે દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંગે પ્રેઝન્ટેશન રજૂ કરાયા હતા. આ બેઠકમાં રાજ્ય સરકાર તેમ જ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓએ હાજરી આપી હતી. બેઠકમાં લશ્કરી દળોના અધિકારીઓ, BSF, કોસ્ટગાર્ડ, CRPF, CWC, RAF, રેલવે, BSNL, દૂરદર્શન, ઈસરો અને ઓલ ઈન્ડિયા રેડિયો સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સંબંધિત વિભાગો-કેન્દ્રીય સુરક્ષા દળોએ ચોમાસાની પૂર્વ તૈયારી સંદર્ભે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યા

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાતે

## મધ્યપ્રદેશના માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રી રાકેશ સિંહ



કમલમ્,
મધ્યપ્રદેશ સરકારના માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રી રાકેશ સિંહે ગાંધીનગર ખાતે ગુજરાત લોકભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી અને મંત્રીશ્રી વચ્ચે બંને રાજ્યોના વિવિધ વિકાસલક્ષી કાર્યો અને લોકકલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અંગે અત્યંત સાર્થક અને ગહન ચર્ચા થઈ હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મધ્યપ્રદેશમાં થઈ રહેલા વિકાસ કાર્યોમાં શ્રી રાકેશ સિંહજીના યોગદાનની પ્રશંસા કરી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, એક જનપ્રતિનિધિ તરીકે શ્રી રાકેશ સિંહનો બહોળો અનુભવ અને સમાજ પ્રત્યેનું તેમનું અતૂટ સમર્પણ ખૂબ જ પ્રશંસનીય છે. મંત્રી શ્રી રાકેશ સિંહે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી અને ગ્રામ વિકાસના ક્ષેત્રે થઈ રહેલા કાર્યો વિશે ઉત્સુકતા દર્શાવી હતી.

# આઈઆઈએમસી (IIMC) દ્વારા એમએ અને પીજી ડિપ્લોમા અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ; ઈ-કાઉન્સેલિંગ માટે રજીસ્ટ્રેશન ૭ જૂન, ૨૦૨૬ સુધી ખુલ્લું રહેશે

## ત્રણ નવા વિશિષ્ટ એમએ (MA) અભ્યાસક્રમો છ કેમ્પસમાં આઈઆઈએમસીની શૈક્ષણિક તકોને મજબૂત કરશે

કમલમ્,
દેશની સૌથી પ્રતિષ્ઠિત મીડિયા શૈક્ષણિક સંસ્થા, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC) ખાતે છ એમએ (MA) અને ચાર પીજી ડિપ્લોમા (PG Diploma) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ઈ-કાઉન્સેલિંગ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તમામ અભ્યાસક્રમો—એમએ અને પીજી ડિપ્લોમા — માં પ્રવેશ માત્ર ઈ-કાઉન્સેલિંગ પ્રક્રિયા દ્વારા જ કરવામાં આવશે. આ માટેનું રજીસ્ટ્રેશન https://iimc.admissions.nic.in/ પર કરી શકાશે. ઈ-કાઉન્સેલિંગ માટે રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૭ જૂન, ૨૦૨૬ છે. પ્રથમ બેઠક ફાળવણી (એલોટમેન્ટ) ૯ જૂનના રોજ જાહેર કરવામાં આવશે. "આ વર્ષે, આઈઆઈએમસી દ્વારા ત્રણ નવા એમએ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે, જેમાં એમએ ઈન હેલ્થ કોમ્યુનિકેશન, એમએ ઈન મીડિયા એન્ડ કોમ્યુનિકેશન ગવર્નન્સ અને એમએ ઈન કોર્પોરેટ કોમ્યુનિકેશન એન્ડ બ્રાન્ડ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. આ સાથે, આઈઆઈએમસી હવે તેના છ કેમ્પસ — નવી દિલ્હી, ઢેંકનાલ, આઈઝોલ, અમરાવતી, જમ્મુ અને કોટ્ટાયમમાં છ એમએ અભ્યાસક્રમો ઓફર કરે છે" તેમ પ્રવેશ પ્રભારી અને પરીક્ષા નિયામક પ્રો. (ડૉ.) રાકેશ કુમાર ગોસ્વામીએ જણાવ્યું હતું. આઈઆઈએમસીના પરંપરાગત વારસા સમાન ચાર પીજી ડિપ્લોમા અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમો અંગ્રેજી પત્રકારત્વ, હિન્દી પત્રકારત્વ, રેડિયો અને ટેલિવિઝન પત્રકારત્વ તેમજ એડવર્ટાઈઝિંગ એન્ડ પબ્લિક રિલેશન્સ (જાહેરાત અને જનસંપર્ક)માં પીજી ડિપ્લોમા છે. ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે બેચલર ડિગ્રી (સ્નાતક) ધરાવતા અને માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ (COQP17) માં માન્ય CUET-PG સ્કોર મેળવનાર ભારતીય નાગરિકો એમએ અભ્યાસક્રમો માટે પાત્ર છે. આ જ વિષયમાં માન્ય CUET-PG સ્કોર ધરાવતા સ્નાતકો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમો માટે પાત્ર રહેશે. પીજી ડિપ્લોમા પ્રવેશ માટેની ઉપલી વય મર્યાદા ૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સામાન્ય (જનરલ) કેટેગરીના ઉમેદવારો માટે ૨૫ વર્ષ, ઓબીસી ઉમેદવારો માટે ૨૮ વર્ષ અને એસસી/એસટી/પીડબ્લ્યુડી ઉમેદવારો માટે ૩૦ વર્ષ નક્કી કરવામાં આવી છે. ઉમેદવારોને રજીસ્ટ્રેશન કરાવતા પહેલા પ્રવેશ સૂચના, પ્રોસ્પેક્ટસ (માહિતી પુસ્તિકા) અને પ્રક્રિયાની રૂપરેખા કાળજીપૂર્વક વાંચવાની સલાહ આપવામાં આવે છે. રજીસ્ટ્રેશન ફોર્મ ભરતી વખતે તેમણે અભ્યાસક્રમો અને કેમ્પસ માટેની પોતાની પસંદગીઓ ખૂબ જ ધ્યાનપૂર્વક ભરવી જોઈએ, કારણ કે રજીસ્ટ્રેશન ફોર્મ સબમિટ કર્યા પછી પસંદગીઓમાં ફેરફાર માટેની કોઈપણ વિનંતી સ્વીકારવામાં આવશે નહીં. ઉમેદવારોએ તેમના ફાળવવામાં આવેલા અભ્યાસક્રમમાં પ્રવેશ કન્ફર્મ (સુનિશ્ચિત) કરવા માટે રૂ. ૨૦,૦૦૦ની સીટ સ્વીકૃતિ ફી (સીટ એક્સેપ્ટન્સ ફી) ચૂકવવાની રહેશે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે બાકીની ટ્યુશન ફી નિર્ધારિત સમયમર્યાદામાં ચૂકવવી અનિવાર્ય છે.



ઉમેદવારોએ જન્મ તારીખની ચકાસણી માટે હાઈસ્કૂલનું પ્રમાણપત્ર (L.C. અથવા ધોરણ ૧૦ની માર્કશીટ) અને સ્નાતકની અંતિમ માર્કશીટ સબમિટ કરવાની રહેશે. જે ઉમેદવારો પોતાના સ્નાતક કક્ષાના અંતિમ પરિણામની રાહ જોઈ રહ્યા છે, તેમણે નિર્ધારિત તારીખ અને સમયની અંદર જરૂરી દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે. અનામત કેટેગરીના જે ઉમેદવારો પ્રવેશ સમયે જાતિનું પ્રમાણપત્ર સબમિટ કરવા અસમર્થ હોય, તેઓ બાંહેધરી પત્ર (અંડરટેકિંગ) આપી શકે છે અને નિર્ધારિત સમયગાળામાં પ્રમાણપત્ર રજૂ કરી શકે છે. પ્રવેશ પ્રક્રિયા સંબંધિત અન્ય વિગતો માટે, ઉમેદવારોને આઈઆઈએમસીની વેબસાઈટ iimc.gov.in ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે. કોઈપણ પૂછપરછ માટે, ઉમેદવારો admissions@iimc.gov.in પર ઈમેલ લખી શકે છે.

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં પારસ ચંદ્રક અર્પણ સમારોહ યોજાયો

## વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ માટે વિવિધ કેટેગરીમાં સાહિત્યકારોને રાજ્યપાલશ્રીના હસ્તે પારસ ચંદ્રકથી સન્માનિત કરાયા



**-:રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી:-**

- સંસ્કૃતિ એ સમાજનો આત્મા છે અને સભ્યતા એ તેનું શરીર છે; સાહિત્ય અને સંસ્કૃતિ વિહીન સમાજ પથ્થર સમાન છે
- સાહિત્યકારો જ્યોત સમાન છે જે પોતે પ્રજ્વલિત થઈને સમાજને સાચો દિશાદર્શન અને પ્રકાશ આપે છે

કમલમ્,
રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે પારસ ચંદ્રક અર્પણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે 'પારસ પટેલની વાર્તાઓ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પારસ ચંદ્રક અર્પણ સમારોહમાં વર્ષ ૨૦૨૫ માટે પદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે શ્રી રાજેન્દ્ર શુક્લ, ગદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે શ્રી હર્ષવી પટેલ, ગદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક શ્રી તરીકે શ્રી અજય સોની તથા સાહિત્ય સેવા માટે શ્રી હરધ્વાર ગોસ્વામીને પારસ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૬ માટે પદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે શ્રી સંજુ વાળા, ગદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે મણિલાલ પટેલ, પદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે શ્રી અનિલ ચાવડા, ગદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે શ્રી મયુર ખાવડું તથા સાહિત્ય સેવા માટે હિતેન આનંદપરાને પારસ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે લક્ષ્મી અને વિદ્વત્તાનો મેળ ઓછો જોવા મળતો હોય છે, પરંતુ શ્રી પારસ પટેલે એક સફળ બિઝનેસમેન હોવાની સાથે સાહિત્ય અને સંસ્કૃતિ પ્રત્યે અનન્ય અનુરાગ દાખવી આ વિડંબનાને ખોટી સાબિત કરી છે. આર્થિક સંપન્નતાની સાથે ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને પ્રેમ કરનારા લોકો રાષ્ટ્રની સાચી મૂડી છે. સભ્યતા અને સંસ્કૃતિ વચ્ચેનો માર્મિક ભેદ સ્પષ્ટ કરતા રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, આધુનિક સુવિધાઓ, ટેક્નોલોજી અને ભૌતિક સાધનો 'સભ્યતા' ના સૂચક છે જે જીવન સરળ બનાવે છે, જ્યારે અહિંસા, સત્ય, કરુણા, દયા અને સહિષ્ણુતા એ 'સંસ્કૃતિ' ના સૂચક છે. સંસ્કૃતિ એ સમાજનો આત્મા છે અને સભ્યતા એ તેનું શરીર છે; સાહિત્ય અને સંસ્કૃતિ વિહીન સમાજ પથ્થર સમાન બની જાય છે. સાહિત્યને સમાજનો અરીસો ગણાવતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, સાહિત્યકારો જ્યોત સમાન છે જે પોતે પ્રજ્વલિત થઈને સમાજને સાચા દિશાદર્શન અને પ્રકાશ આપે છે. ચાર-પાંચ પેઢીઓથી ચાલી આવતી આ ગૌરવવંતી સાહિત્યિક પરંપરાને વરિષ્ઠોએ જાળવી રાખી છે, જેના કારણે જ આજે યુવા પેઢી પણ આ ક્ષેત્રમાં ઉત્સાહભેર આગળ આવી રહી છે. 'પારસ પટેલની વાર્તાઓ' પુસ્તક સંદર્ભે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, વાર્તાઓ રમત-રમતમાં માણસની રુચિ જગાડીને ઘણું મોટું જ્ઞાન આપી જાય છે અને આ વાર્તા સંગ્રહ નવી પેઢીને ભારતીય જીવનમૂલ્યો સાથે જોડીને તેમના જીવનને પથભ્રષ્ટ થતાં બચાવશે. આ પ્રસંગે ઉપસ્થિત સાહિત્ય જગતના મૂર્ધન્ય વિદ્વાનો અને પદ્મશ્રી મહાનુભાવોના પ્રદાનને બિરદાવી રાજ્યપાલશ્રીએ તેમની કલમ સતત ગતિમાન રહીને સમાજને પ્રેરણા આપતી રહે તેવી મંગલકામના વ્યક્ત કરી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ ઝાએ જણાવ્યું હતું કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાચા અર્થમાં લોકશિક્ષણના માણસ છે. તેમણે ગુજરાતના લોકભવનને શ્લોકભવન બનાવ્યું છે અને ખેડૂતો તેમજ સામાન્ય જનતા સાથે સીધા જોડાઈને કૃષિ અને ઋષિ સંસ્કૃતિનો અદભુત સમન્વય સાધ્યો છે. સમારોહની વિશેષતા અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે, આજે અહીં એક જ મંચ પર ગુજરાતી સાહિત્યની ચાર-ચાર પેઢીઓનો ગૌરવવંતો સમન્વય જોવા મળ્યો છે. આપણું સાહિત્ય આજે ઇન્ટરનેટ અને આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી વૈશ્વિક સ્તરે વિસ્તરી રહ્યું છે. પારસ ચંદ્રક એનાયત કરવાની આ સરાહનીય પરંપરાને બિરદાવતા તેમણે જણાવ્યું કે, શ્રી પારસ પટેલે વ્યાપારની સાથે પોતાના વાર્તા સંગ્રહમાં ઉત્તર ગુજરાતના લોકજીવન, તળપદી બોલી અને સામાજિક મૂલ્યોને ખૂબ જ અનોખી શૈલીમાં જીવંત કર્યા છે. પારસ ચંદ્રક અર્પણ સમારોહમાં પારસ ફાઉન્ડેશન વતી ઉપસ્થિત સૌ મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કરતાં શ્રી પારસ પટેલે જણાવ્યું હતું કે, ધનવાન સમાજ બનાવવો સરળ છે, પરંતુ સંવેદનશીલ સમાજ બનાવવો ખૂબ અઘરું કાર્ય છે અને આ ભગીરથ કાર્ય સાહિત્યકારો કરે છે. સાહિત્ય અને સંસ્કૃતિની આ પરંપરાને જીવંત રાખવા માટે જ પારસ ફાઉન્ડેશન દ્વારા 'પારસ ચંદ્રક અર્પણ સમારોહ'ની શરૂઆત કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, કોઈપણ સમાજની સાચી સમૃદ્ધિ માત્ર તેના ધન-કુબેરોથી નહીં, પરંતુ તેના પુસ્તકાલયો દ્વારા માપવી જોઈએ. જે સમાજ પોતાના સાહિત્યકારોને આદર અને સન્માન આપે છે તે જ સાચા અર્થમાં સમૃદ્ધ બને છે. પારસ ચંદ્રક અર્પણ સમારોહમાં પદ્મશ્રી રઘુવીર ચૌધરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્મશ્રી રતિલાલ બોરીસાગર, શાયોના ગ્રુપના શ્રી સુરેશભાઈ પટેલ, નવગુજરાત સમયના ગ્રુપ એડિટર શ્રી અજય ઉમટ, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહ જાદવ, કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ, જાણીતા સાહિત્યકારો, સામાજિક અને રાજકીય અગ્રણીઓ સહિત સાહિત્ય સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયની સુરક્ષા સાથે ચેડાં કરનારા દરેક ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી તેમના પર કાયદાનો સકંજો કસી બાંગ્લાદેશ મોકલાશે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

## કાયદાનો ભંગ કરી આશ્રય કે નોકરી આપનારા તત્વો સામે પણ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરાશે: શ્રી હર્ષ સંઘવી



### ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુજરાત પોલીસની ફિલ્ડ યુનિટ્સે આ વ્યક્તિઓની સાથે ખોટા દસ્તાવેજો પૂરા પાડનાર સ્થાનિક એજન્ટો અને ફેસિલિટેટર્સ અંગે પણ તપાસ ચાલુ કરી

**બાંગ્લાદેશના નંબરો સાથે વાતચીત કરી હોય એવા ભારતીય મોબાઈલ નંબરોનો ડેટાબેઝ તૈયાર કરી ૬૨૦૦થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓના ડેટાબેઝની મદદથી ગેરકાયદેસર નેટવર્કને તોડવા જમીની કાર્યવાહી શરૂ: રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ**

કમલમ્,
ગુજરાતની આંતરિક સુરક્ષા, શાંતિ અને સલામતીને સુનિશ્ચિત કરવા માટે ગુજરાત પોલીસ દ્વારા સઘન ઝુંબેશ 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' શરૂ કરવામાં આવી છે. 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ધરપકડ તથા ૭૮૨થી વધુ શંકાસ્પદોની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. ઓપરેશન સંદર્ભે વધુ વિગતો આપતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાજ્ય સરકારની 'ઝીરો ટોલેરન્સ' નીતિ અંતર્ગત રાજ્યની સરહદો ઓળંગી ગેરકાયદેસર આશરો લઈ રહેલા બાંગ્લાદેશી નાગરિકો અને ઘૂસણખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્યની સુરક્ષા સાથે ચેડાં કરનારા દરેક ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી કાઢી, તેમના પર કાયદાનો સકંજો કસી તેમને બાંગ્લાદેશ મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઓપરેશન હેઠળ અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી કુલ ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ૧૦૩ પુરુષ, ૧૮૮ મહિલા અને ૭૧ બાળકોનો સમાવેશ થાય છે. ઓપરેશન અંતર્ગત રાજ્યમાં સૌથી વધુ ૧૫૫ બાંગ્લાદેશી નાગરિકો અમદાવાદ શહેરમાંથી પકડાયા છે. આ ઉપરાંત સુરત શહેરમાંથી ૮૪, અમદાવાદ ગ્રામ્યમાંથી ૩૪, પૂર્વ કચ્છ-ગાંધીધામથી ૧૩ અને ભરૂચમાંથી ૧૨ સહિત વિવિધ વિસ્તારોમાંથી અવૈધ રહેતા બાંગ્લાદેશી નાગરિકો પકડાયા છે. આ ઝુંબેશ દરમિયાન મોટી સંખ્યામાં, એટલે કે ૭૮૨ થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકો પણ મળી આવ્યા છે, જેમની હાલ સઘન પૂછપરછ અને તપાસ ચાલી રહી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુજરાત પોલીસની ફિલ્ડ યુનિટ્સ માત્ર આ વ્યક્તિઓની જ નહીં, પરંતુ તેમને ગેરકાયદેસર રીતે સિમ કાર્ડ, આશ્રય, નોકરી અથવા નકલી આધાર કાર્ડ અને વોટર આઈડી જેવા ખોટા દસ્તાવેજો પૂરા પાડનાર સ્થાનિક એજન્ટો અને ફેસિલિટેટર્સની પણ ઓળખ કરી રહી છે. ઘૂષણખોરોની મદદ કરનારને પણ બક્ષવામાં આવશે નહીં. પકડાયેલા તમામ ગેરકાયદેસર નાગરિકોને નિયમાનુસાર ડીટેન કરવામાં આવ્યા છે અને તેમને દેશની બહાર ડીપોર્ટ કરવા માટેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, પોલીસ દ્વારા આ ઓપરેશન ખૂબ ઝીણવટપૂર્વક પ્લાન કરવામાં આવ્યું હતું. શહેરોમાં રેડ ચાલુ થવાની સાથે જ સંભવિત ઘૂસણખોરો રાજ્ય બહાર ભાગી ન જાય તે માટે તમામ બસ સ્ટેશનો, હાઈવે અને રેલવે સ્ટેશનો પર તાત્કાલિક અસરથી કડક નાકાબંધી ગોઠવી દેવામાં આવી હતી. આ વ્યૂહાત્મક નાકાબંધીના કારણે રેડ દરમિયાન ભાગવાની કોશિશ કરી રહેલા અન્ય ૧૮ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓને પણ નાકાબંધીના સ્થળેથી જ ઝડપી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી છે. તપાસ દરમિયાન અનેક કિસ્સાઓમાં એવી ચોંકાવનારી વિગતો પણ સામે આવી છે કે, પકડાયેલા બાંગ્લાદેશીઓમાંથી કેટલાક લોકો ૨-૪ વર્ષ પહેલાં અથવા તેનાથી પણ વધુ સમય પહેલાં પશ્ચિમ બંગાળના જુદા-જુદા ગામડાઓ અને ક્ષેત્રોમાંથી ભારતમાં ઘૂસ્યા હતા. ત્યાં તેમણે સ્થાનિક વચેટિયાઓની મદદથી પશ્ચિમ બંગાળના લોકલ ડોક્યુમેન્ટ્સ બનાવ્યા અને તે લોકલ ડોક્યુમેન્ટ્સના આધારે ભારતના સત્તાવાર આધાર કાર્ડ મેળવવામાં સફળતા મેળવી હતી. આ સમગ્ર નેટવર્કની પણ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થઈ રહી છે. પશ્ચિમ બંગાળ સરહદ પર મ્જીહ્લના ફેન્સિંગના કામ માટે પશ્ચિમ બંગાળની નવી સરકારે જે જગ્યા ફાળવી આપી છે, તેનાથી આવનારા વર્ષોમાં દેશની સરહદો વધુ સુરક્ષિત બનશે અને ભવિષ્યમાં આવા ઘૂસણખોરોને ભારતમાં પ્રવેશવાનો મોકો નહીં મળે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' આગામી દિવસોમાં પણ રાજ્યના તમામ ક્ષેત્રો અને ચારેય વિસ્તારોમાં ચાલુ રહેશે. અને ગેરકાયદેસર રીતે વસતા દરેક તત્વને શોધીને ડીપોર્ટ કરવામાં આવશે. એક જ રાતમાં આટલા મોટા પ્રમાણમાં થયેલી આ કાર્યવાહીને ગુજરાત પોલીસની એક 'ઐતિહાસિક સફળતા' ગણાવીને તમામ પોલીસ યુનિટ્સને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવે જણાવ્યું હતું કે, આ ઝુંબેશ સંપૂર્ણપણે ટેકનિકલ ડેટા અને ફિલ્ડ વેરિફિકેશન પર આધારિત છે. 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' દ્વારા મળેલા ટેકનિકલ તેમજ લોકલ ઈનપુટ્સના આધારે ગુજરાતમાં વ્યાપક ટેલિકોમ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેના આધારે બાંગ્લાદેશના નંબરો સાથે વાસ્તવિક વાતચીત કરી હોય એવા ભારતીય મોબાઈલ નંબરોનો ડેટાબેઝ તૈયાર કરાયો છે. આ પદ્ધતિથી ૬૨૦૦થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓનો ડેટાબેઝ એકત્ર કરી ગેરકાયદેસર નેટવર્કને તોડવા જમીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028